ગાંધીનગર સમાચાર
તા. ૧-૮-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### દેશમા ૨૯મા રાજયનો ઉદય

શાસક 'યુપીએ'ની સંકલન સમિતિ અને કોંગ્રેસ વર્કિંગ કમિટી દ્વારા નવા 'તેલંગાણા' રાજયની મંજૂરી મળી જતાં હવે દેશના ૨૯મા રાજયનો ઉદય થવાની તૈયારી છે. ક્યારેક અલગ ગુજરાતની માગણીનો સૂર બુલંદ થયેલો અને મોરારજી દેસાઈ જેવા પ્રચંડ ગુજરાતી નેતા જ એનો વિરોધ કરતા હતા, તે દિવસો યાદ આવ્યા વગર ન રહે. મહાગુજરાત માટેની ચળવળ કરતાં પણ તેલંગાણા ચળવળ વધુ આક્રમક અને ઝનૂની હતી તે સર્વવિદિત છે. પોપટની ચાંચ જેવું નાક ધરાવતા તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતાનું તપ મોડું મોડુંય ફળ્યું છે. કોંગ્રેસ માટે તેલંગાણા ભારે શિરોવેદના ભરી સમસ્યા બની ગયું હતું. પક્ષ હેમ્લેટ જેવી દ્વિધા અનુભવતો હતો. કરવું કે ના કરવું? આગળ કૂવો, પાછળ ખાઈ જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી હતી. તેલંગાણાની માગણી કરતા દસ જિલ્લાઓની પ્રજાને નારાજ કરવી કોંગ્રેસને પોસાય એમ પણ ન હતી. અખંડ આંધ્રમાં માનનારો વર્ગ રાજયના ટુકડા થાય તેમ ત્યારે પણ નહોતો ઈચ્છતો કે આજે પણ એ ખુશ નથી જ. તેલંગાણાની રચનાના વિરોધમાં તટીય આંધ્રપ્રદેશ અને રાયલસીમામાં ઉગ્ર દેખાવો થઈ રહ્યા છે. મૂળે આંધ્રના વિભાજનની પીડા પણ ઓછી નથી. અલગ તેલંગાણાને અખંડ આંધ્રના સમર્થકો તો ભારત-પાકિસ્તાનના વિભાજન જેવી દુખદ ઘટના જ ગણાવી રહ્યા છે. ખુદ આંધ્રપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રી કિરણકુમાર અને હનુમંતરાવ કે વેંકટેશ જેવા સાંસદો આંધ્ર અખંડ રહે એમ ઈચ્છતા હતા. 'આંધ્રબિડ્ડા' તરીકે ઓળખાતા પૂર્વ વડાપ્રધાન નરસિંહરાવ જીવતા હોત તો એમણે પણ અખંડ આંધ્રનું જ સમર્થન કર્યું હોત. ભારતીય જનતા પાર્ટીનું આંધ્રમાં કશું ઊપજે નહીં એટલે સસ્તી પ્રસિદ્ધિ માટે એણે શરૂથી જ અલગ તેલંગાણા મુવમેન્ટનું સમર્થન કરવાની કૂટનીતિ અપનાવી હતી. આ કૂટનીતિ નરેન્દ્ર મોદીએ એમની આગવી પ્રચાર શૈલીની રીતે આગળ ધપાવી છે. કોંગ્રેસે જ્યારે તેલંગાણાને અલગ રાજયનો દરજ્જો આપી જ દીધો છે ત્યારે ભાજપ માટે આવાં હવાતિયાં મારવા સિવાય બીજો વિકલ્પ જ ક્યાં બચ્યો હતો? બલકે કોંગ્રેસને ૪૨માંથી ૩૨ બેઠકો મળી હતી તે આંધ્ર પ્રદેશમાં અલગતાવાદી પરિબળો સાથે બેસી જઈ ભાજપે જે ખેલ પાડવા ધારેલો એનો રાજકીય જવાબ રૂપે જ તેલંગાણાને મંજૂરી આપવી પડી હોય એવું વરતાઈ રહ્યું છે. તેલંગાણાને જુદુ રાજય જાહેર કરવાની પ્રસવવેદના આખું આંધ્ર અનુભવી રહ્યું છે. ખાસ તો હૈદરાબાદ કોની માલિકીનું ગણાય તે મુદ્દો મહત્વનો બની રહે છે. યુપીએ દ્વારા ખૂબ ઊંડી મથામણને અંતે હૈદરાબાદને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાનું વિચારાયું હતું. પરંતુ છેવટે ભૌગોલિક રીતે હૈદરાબાદ જિલ્લો તેલંગાણામાં સમાવાયો છે. બેઉ રાજયોની રાજધાની હૈદરાબાદ જ રહેશે. ચંડીગઢ પંજાબ અને હરિયાણા બેઉ પ્રદેશોની રાજધાની છે, એ જ પેટર્ન અપનાવાયો છે અને દસ વર્ષ સુધી બધો વહીવટ હૈદરાબાદથી જ ચાલે એવો નિર્ણય લેવાયો છે. રાયલસીમાના બે જિલ્લા તેલંગાણા સાથે જોડાવાની દરખાસ્ત પડતી મુકાતાં હવે તેલંગાણા દસ જિલ્લાઓવાળું નાનું રાજય બનશે. ઝારખંડ, ઉત્તરાખંડ અને છત્તીસગઢની જેમ વધુ એક નાનું રાજય અસ્તિત્વમાં આવતાની સાથે વર્ષો જૂની અલગ વિદર્ભ અને ગોરખાલેન્ડની માગણી જોર પકડશે. ઉત્તરપ્રદેશમાંથી વધુ એક નાનું રાજય-'હરિત પ્રદેશ' કંડારવાનું ચરણસિંહના સુપુત્ર અને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી અજિતસિંહનું સપનું પણ સળવળી ઊઠશે. બોડોલેન્ડની સક્રિય રહેલી અને સૌરાષ્ટ્રની દફનાવાઈ ચૂકેલી માગણીઓ પણ પ્રજળી ઊઠવાની શકયતા નકારી શકાય નહીં. હવે વિસ્તારમાં સૌથી મોટા રાજય રાજસ્થાનમાં પણ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના વિસ્તારો સાંકળી બુંદેલખંડની રચના માટે ચળવળ ઊભી થવાની સંભાવના સરજાવે. પૂર્વ મુખ્યમંત્રી જગદંબિકા પાલે અલગ પૂર્વાચલની માગણી ચાલુ કરી દીધી છે. માયાવતી પહેલાંથી જ ઉ.પ્ર.ના વિભાજનનું વચન આપેલું છે. આખરે લોકશાહીમાં તો સત્તાનું વિકેન્દ્રીકરણ કરી વધુમાં વધુ જનપ્રતિનિધિઓને સત્તામાં ભાગીદાર બનાવવાની ભાવના અંર્નિહિત છે જ; પરંતુ વિભાજનનો રોગ ક્યારેક જમ્મુને કાશ્મીરથી જુદું પાડી જેશે તો શી વલે થશે તેનો સંકેત મુખ્યમંત્રી ઓમર અબ્લુલ્લાના નિવેદનમાંથી સાંપડે છે.

## જે.સી.આઈ. દ્વારા નેશનલ ટેલેન્ટ સર્ચ સ્પર્ધા યોજાઈ

### શહેરની વિવિધ શાળાના ૪૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો




ગાંધીનગર, તા. ૩૧

જે.સી.આઈ. દ્વારા માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે નેશનલ ટેલેન્ટ સર્ચ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેરની વિવિધ શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે.સી.આઈ. આયોજિત આ કસોટીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી નવાજવામાં આવ્યા હતા.

જે.સી.આઈ. ગાંધીનગર ઝોનના સેક્રેટરી મયુર વસાવડાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે નેશનલ ટેલેન્ટ સર્ચ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. જ્યારે પ્રથમ ત્રણ ક્રમે આવનાર સ્ટુડન્ટસને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. વધુમાં યોગ્યતા ચકાસી તેજસ્વીઓને ઝોન ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએથી પણ સ્કોલરશીપ, પ્રમાણપત્ર અને ટ્રોફી એયનાત કરવામાં આવશે. ટેલેન્ટ સર્ચના સફળ આયોજન બદલ મૌલિક પટેલે પણ હર્ષની લાગણી વ્યક્ત કરી છે. સફળ આયોજન પાછળ જેસી અંકિત જૈન, નિરજ પટેલ, મહેશ પટેલ તેમજ જે.સી. આર.ટી. પાંખના ભૂમિકા નિર્મળ, સપના જૈન, ફાલ્ગુની ભાવસાર, મિતાલી ત્રિવેદી, લતા શુકલ, હેમા ભટ્ટ તેમજ કીંજલ દોશીએ મહત્વનું યોગદાન પુરુ પાડ્યું હતું. પરીક્ષા દરમિયાન પણ જી.એન. વેકરીયાએ હાજરી આપી પ્રોત્સાહક બળ પુરુ પાડ્યું હતું. સંસ્થાના પ્રમુખ કેતન નિર્મળે આ તબક્કે માઉન્ટ કાર્મેલ સ્કૂલના આચાર્ય રેણુકાબેનનો પણ આભાર વ્યક્ત કર્યો છે.




તમને કેટલી વખત કહ્યું અમારું ડિપાર્ટમેન્ટ તમને ડ્રગ ન આપી શકે, ભલે આવું નામ રહ્યું...!

## જિલ્લા કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં ચરાડા પ્રથમ સ્થાને

ચરાડા, તા.૩૧

જિલ્લા રમત-ગમત અધિકારી દ્વારા શ્રી સ્વામી નારાયણ હાઈસ્કુલ બાલવા ખાતે જિલ્લા કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ હતી.

કે.જી. હાઈસ્કુલ ચરાડાની ભાઈઓ ટીમે જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવીને ચેમ્પિયન બન્યા હતા. ભાગ લેનાર ખેલાડીઓમાં કિશન ગૌસ્વામી, મિહિર ચૌધરી, યોગેશ ચૌધરી, સુરેન્દ્ર ચૌધરી, હાર્દિક ચૌધરી, રીતેશ ચૌધરી હવે રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

વ્યાયામ શિક્ષક વિશાલ થોરાટે તાલીમ આપી હતી. આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## આર.ટી.ઓ.એ ચિલોડા ખાતે વાહન ચેકીંગમાં શાળા-કોલેજોની બસોને લપેટમાં લીધી

### વિદ્યાર્થીઓ સમયસર પહોંચી શકયા નહીં, સાબરકાંઠાની કોલેજોની બસો જ ટાર્ગેટ બની

ગાંધીનગર, તા. ૩૧

ચિલોડા ખાતે હિંમતનગર તરફ જવાના માર્ગે બુધવાર સરવારથી જ આર.ટી.ઓ.એ વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં હિંમતગર પ્રાંતિજ તથા અન્ય સ્થળોએ વિદ્યાર્થીઓને લઈ જતી. લકઝરી બસો વધુ લપેટમાં આવી હતી. જો કે આ ચેંકીંગ દરમ્યાન વિદ્યાર્થીઓના અભ્યાસ બગડશે તેવું ધ્યાન ન રખાતા વિદ્યાર્થીઓમાં તથા સાબકાઠાંના કોલેજ સંચાલકોમાં નારાજગી પ્રવર્તી હતી.

મળેલ વિગતોનુસાર ગાંધીનગર આર.ટી.ઓ. દ્વારા મંગળવાર વહેલી સવારે ચિલોડા ખાતે ખુરશી ટેબલ લઈ વાહન ચેંકીંગ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં માટાભાગે વિદ્યાર્થીઓને હિંમતનગર શાળા કોલેજ લઈ જતી લકઝરી બસો વધારે હતી. હિંમતનગર તરફ જવાના માર્ગઉપર અડધા કિમીથી વધારે લકઝરી બસોનો ખડકલો થઈ ગયો હતો. જો કે પેસેન્જર જીપો તથા અન્ય વાહનોનું ચેકીંગ થતાં ન હોવાનું પ્રત્યક્ષ દર્શીએ જણાવ્યું હતું.

આ અંગે અખબાર પ્રતિનિધએ આર.ટી.ઓ.ના મદદનીશ ઈન્સપેકટર ડી.બી. પટેલને પૂછતાં તેઓએ અખબારી પ્રતિનિધિને મૌન રહેવા સલાહ આપી હતી. જેથી સત્ય હકીકત છુપાવતાં હોવાનું લાગી રહ્યું હોય તેમ તેમના વર્તન ઉપરથી જણાયું હતું. જો કે અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ટેક્ષ બાકી હોય તેવા વાહનોને રોકી તપાસ થઈ રહી છે.

વિદ્યાર્થીઓ આ ચેંકીંગ ઝુંબેશ દરમ્યાન ઘણો સમય ચિલોડા ખાતે જ બસમાં વિતાવ્યો હોવાથી સમયસર શાળા-કોલેજ જઈ શકયા નહોતા. જેથી ભારે નારાજગી વર્તાઈ હતી. તો બીજી તરફ સાબરકાઠાંમાં આવેલી શાળા-કોલેજોની બસો અંગે આર.ટી.ઓ. જે તે શાળા-કોલેજ કે ઈન્સ્ટીયુટને પત્ર દ્વારા જાણ કરી ટેક્ષની વિગત મેળવી શકી હોત તેવું પણ સંચાલકો જણાવી રહ્યા છે. પરંતુ ફકત સાબરકાંઠાની જ કોલેજોની બસો તરફ એકાએક આવું વલણ ઉભું થયું તે આશ્ચર્યની બાબત છે.

## ઉર્મિકાવ્ય : ...હું આજ

વરસાદી ફોરાનું સંગીત સંભળાવું તને હું આજ
વહેતી સરીતાનો મોજોની સફર કરાવુ તને હું આજ,
ટમટમતા તારલાના મૌન ઝબકારમાં ગીત સંભળાવુ તને હુ આજ
સમુદ્રની તોફાની લહેરોનું જનુન અર્પણ કરૂ તને હું આજ,
ચાંદની શીતલ ચાંદનીમાં થોડાક ડગલા
ચાલ્યાનો અહેસાસ કરાવુ તને હુ આજ
વહેલી પરોઢના ઝાકળભીના ને સ્ફટીક સા
જલ બીન્દુઓનો સ્પર્શ કરાવું તને હું આજ,
સારા એ વિશ્વની સંવેદનાઓ તારા નયનોમાં ભરી દઉં આજ
આજ આ 'નિલ' તારા નયનોની પાપણો પર બેસી
સમગ્ર બ્રહ્માંડ તારામાં સમાવી દઉ હું આજ.

- નિતીન ઠાકર

## ॥ અહો આશ્ચર્યમ્ ॥

- રશ્મિકાન્ત મહેતા

ઈન્ડોનેશિયા સમગ્ર વિશ્વમાં મુસ્લિમોની બહુમતી વાળો દેશ છે. તેણે અમેરિકાને એપ્રિલ ૨૦૧૩ને પ્રારંભે હિન્દુધર્મનાં વિદ્યા અને પ્રજ્ઞાના અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની પ્રતિમા ભેટ આપી છે. અમેરિકાએ પોતાના પાટનગર વૉશિગ્યન ડીસીમાં ભારતીય દૂતાવાસ માટે મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સામે આ સરસ્વતી પ્રતિમાને સ્થાન છે.

આ પ્રતિમા બાલીમાં તૈયાર થઈ છે. ૧૬ ફૂટ ઊંચી આ લોહપ્રતિમા છે. લોખંડને આકારમાં ઢાળવા માટે તેમાં કાંસુ અથવા પથ્થર મિશ્રિત થયા નથી, પરંતુ મજબૂતાઈ માટે સિમેન્ટ છે. આ પ્રતિમામાં સરસ્વતી કમળ ઉપર ઉભાં છે. ચતુર્ભુજમાંથી બે હાથમાં વીણા, એક હાથમાં સ્ફટિક માળા અને અન્યમાં પુસ્તક (હસ્તપ્રત) છે. કમળની બાજુમાં શ્વેત હંસ છે.

સમગ્ર પ્રતિમાશિલ્પ ભારતીય પરંપરાને એકદમ અનુરૂપ છે. તંતુવાદ્ય વીણા, કલાઓ અને સંસ્કૃતિનાં સંવાહનનું પ્રતિક છે. પ્રાર્થના માળા સતતત ફરતી રહીને જિજ્ઞાસાવૃત્તિની સતતા- અવિરતતા-ને સૂચવે છે. હસ્તપ્રત વિદ્યાક્ષેત્રનાં આધાર સ્ત્રોતનું મહત્વ દર્શાવે છે. આ દેવીની સ્તુતિમાં પણ છે. વીણા-પુસ્તક ધારિણીમ અને હસ્તે સ્ફાટિકમાલિકામ, સરસ્વતીનું વાહન હંસ છે. હંસ નીરક્ષીર વિવેક જાળવી રાખવાનું સૂચન કરે છે. સરસ્વતી સ્તુતિમાં આનો નિર્દેશ છે. કૌશિકડસૌ હંસો ભવત્યાં પ્રથિતો વિવિકતઃ (હે દેવી આપનો આ કૌશિક (નામનો) હંસ છે. તે વિવેક રાખી શકે છે. એ રીતે પ્રસિદ્ધ છે.

આ રીતે ઈન્ડોનેશિયાએ અમેરિકાને ભેટ તો સરસ્વતી પ્રતિમાની આપી જ, પરંતુ અમેરિકાએ પણ એને યોગ્ય જગ્યાએ સ્થાપીને એનું ઉચિત સન્માન કર્યું છે. આ પ્રતિમા પોતે પણ જાજરમાન છે અને ભારતીય પરંપરાને તદ્દન અનુરૂપ હોય એ પ્રકારની છે.

સંદર્ભ

૧) દૈનિક 'ધ હિન્દુ'- જૂન ૧૦ ૨૦૧૩
૨) મોતીલાલ બનારસીદાસ ન્યૂઝ લેટર- નવી દિલ્હી, જુલાઈ ૨૦૧૩ અંક- ૩૫-૭

## જી.ઈ.બી. કોલોની ખાતે તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૩૧

જી.ઈ.બી. કોલોની ખાતે રહેતા ધોરણ-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા અને જી.ઈ.બી.ના મુખ્ય ઈજનેર આઈ.એન. પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતુ. ધોરણ-૧૦માં પરીખ મીત એચ. ૮૯ ટકા, પટેલ તિર્થ એસ. ૮૧ ટકા તેમજ ધોરણ-૧૨ કોમર્સમાં વાળંદ દષ્ટિ એમ. ૮૬ ટકા, મોતીવારસ અંજલિ ડી. ૮૨ ટકા, ધોરણ-૧૨ સાયન્સમાં પ્રથમ બુચ હર્ષ પી. ૮૯ ટકા, ચૌહાણ અમન કે. ૮૪ ટકા મેળવેલ વિદ્યાર્થીઓને મેયરશ્રી તેમજ ઈજનેર સહિત અન્ય મહેમાનોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આવેલ તમામ મહેમાનોનું કોરપોરેટર હંસાબેન મોદીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, રીડીએશન કલબના ગજ્જરભાઈ, ભાજપના વોડ મંત્રી દેવેન્દ્રભાઈ, શાળાના આચાર્ય દિપ્તીબેન વસાવડા સહિત વિદ્યાર્થીઓ અને વાલીમંડળ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુ. મિહિષા જોષીએ કર્યુ હતુ.

## બી.પી. કોલેજ ઓફ બી.બી.એ.માં થેલેસેમીયા ટેસ્ટ કેમ્પ યોજાયો

ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થા ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીનાં સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસ ખાતે વિદ્યાર્થીઓના આરોગ્ય બાબતે જાગૃતિ કેળવવા માટે થેલેસેમીયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.બી.એ. કોલેજના ૩૨૭ જેટલા વિદ્યાર્થીઓએ થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે ઈન્ચાર્જ તરીકે પ્રોફેસર આશિષ ભુવા, પ્રો. શીતલ પટેલ તથા પ્રો. જીજ્ઞેશ ઠાકર દ્વારા આ સમગ્ર કાર્યક્રમને સફળ કરવા માટે કામગીરી બજાવી હતી.

# "અંકલ, અમે તમારા ઉખાણાનો જવાબ આપવામાં બાફીએ છીએ, એટલે હવે જવાબ આપવામાં તમે જ બાફો કે ઉકાળો..."

## ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"આવતો નથી... આવતો નથી... અને આવે છે તો જતો નથી... જતો નથી... એવું કોણ?"

લાલાકાકાએ ચોકઠા પરિષદની રાત્રિ બેઠકમાં એન્ટ્રી મારતાંની સાથે જ આવું ઉખાણું પુછી નાખ્યું!

હમણાં વરસાદના લીધે ચોકઠામાં પાણી ભરાતાં હોવાથી ને ઘાસ-કિંચડ થયા હોવાથી ત્યાં તો અમારી રાત્રિ બેઠકની મંડળી જામી શકે તેમ ન હતું એટલે વગર "સરક્યુલર" ફેરવે, અમારી બેઠકનું સ્થળ બદલાઈ ગયું હતું... અમે વગર પૂછ્યે અને પરમિશનની રાહ જોયા વિના જ કુલકર્ણીજીના ઓટલે બેસવા માંડ્યું હતું...

આવી, કુલકર્ણીજીના ઓટલે મળેલી અમારી રાત્રિ બેઠકમાં આવતાંવેંત જ રેડ અંકલે ગૂગલી બોલીંગ કરી : "બોલો, આવતો નથી... આવતો નથી... ને આવે છે તો જતો નથી... જતો નથી... એ કોણ?"

અમે અંકલના ઉખાણાનો ઉત્તર આપીએ તે પહેલાં તો પંચાલભાઈએ મોંમાં તમાકુ પધરાવતાં ધીરેથી કહી નાખ્યું : 'એ લાલાકાકા તો ના જ હોય! કેમ કે એ તો ના બોલાવો તોય વધારે આવે જ... આવે જ છે... હા... આવ્યા પછી ઝટ જવાનું કે ઉખડવાનું નામ એ દેતા નથી. એ સાચું!!'

પંચાલનાં નસીબ સારાં કે ધીરેથી કરેલી એની કોમેન્ટ રેડ અંકલે સાંભળી નહીં... કોઈ કંઈ બોલ્યું નહીં એટલે લાલાકાકા ફરી ગાજ્યા : "ચાલો, જવાબ આપો."

ત્યાં પટેલભાઈએ કહ્યું : "અંકલ, તમે જબરાં ઉખાણાં લઈ આવો છો, હોં!"

"હજી ગયા અઠવાડિયે જ લાલાકાકાએ ચોકઠા પરિષદમાં આવીને જાહેરાત કરેલી : 'પડ્યો પડ્યો...' તો એ સાંભળી દરજીભાઈ બોલી ઉઠેલો 'સુરિયો પડ્યો ને સ્કૂટર સાથે, કાકા?' મને લાગતું જ હતું કે હજી એ સુરેશને સ્કૂટર ચલાવતાં પાકુ આવડતું નથી, બેલેન્સ રાખી શકતો નથી ને રાત્રે નીકળ્યો છે સ્કૂટર લઈને તે ચોક્કસ પટકાશે... કયાં પડ્યો એ? તમે જોયો, અંકલ?"

આ સાંભળી લાલાકાકા ગરમ થઈ ગયેલા ને દરજીભાઈને ધમકાવી નાખેલા કે "અલ્યા કાતર એઈ મેજર ટેપ, એ સુરેશ સ્કૂટર પરથી પડ્યો એની વાત નથી કરતો હું!"

એ સાંભળી પટેલભાઈએ વાતમાં ઝૂકાવ્યું અને કહ્યું : "અંકલ, હું સમજી ગયો છું... તમે પેલા જગાભાઈનો રાકેશ એની સાથે નોકરી કરતી રાગિણી સાથે પ્રેમમાં પડ્યો છે એની વાત કરો છો, રાઈટ? મને કેટલાય દિવસોથી રાકેશનાં લક્ષણો બરાબર મને લાગતા ન હતા. હતું કે બે પ્રેમમાં પડશે જ!!"

પોતાના "પડ્યો પડ્યો..." ની જાહેરાતનો દરજી પછી પટેલે જે અર્થ કર્યો અને જે વાર્તાઓ કરી એનાથી રેડ અંકલ લાલઘૂમ થઈને ગર્જ્યા : "હું એનીય વાત નથી કરતો... અલ્યા, તમે લોકો ખોટું ખોટું બાફો નહીં..."

અમે અંકલને શાંત પાડતાં કહ્યું કે "અંકલ, તમે જ કહો ને કે તમે શેની વાત કરો છો?"

ત્યારે લાલાકાકાએ ચોખવટ કરેલી કે "હું તો બહુ રાહ જોવડાવીને છેવટે વરસાદ પડયો એની વાત કરૂં છું ને એટલે જ રાજી થઈને 'પડ્યો... પડ્યો' બોલી ઊઠ્યો હતો.

ગયા અઠવાડિયે અંકલની અદ્ધરતાલ એનાઉન્સમેન્ટથી સર્જાયેલી આવી રામાયણ પછી આ વખતેય લાલાકાકાએ ગૂગલી બોલની જેમ ઉખાણુ રમતું મૂક્યું એટલે બધા બધવાઈ તો ગયા જ હતા... ત્યાં પંચાલે મોંમાંથી તમાકુ મિશ્રિત મસાલાની પિચકારી ઓટલા નીચે મારતા કહ્યું : "અંકલ, અમે લોકો તો તમને જવાબ આપવામાં બાફીએ છીએ એટલે આ વખતે, આજે તમારા પ્રશ્નનો જવાબ અમે નહીં આપીએ, તમે જ ઉકાળો - બાફો!"

લાલાકાકા ઉછળ્યા : "એ મસાલિયા, તમાકુ ખાઉં... તું તો બોલીશ જ નહીં! તને તો બાફતાં કે ઉકાળતાં ય નથી આવડતું... તને તો બગાડતાં જ આવડે છે..." કહેતાં અંકલે પંચાલની પિકચારીથઈ કુલકર્ણીના ઓટલા ઉપર પડેલા ડાઘા તરફ આંગળી ચીંધી...

પંચાલભાઈ પાસે આનો કોઈ જવાબ ન હતો એટલે એ ચૂપ થઈને મોંમાં મસાલો ચાવવા લાગ્યાં...

ને પછી અંકલ જાતે જ પોતાનાં ઉખાણાનો જવાબ બોલ્યા : "અલ્યા ભાઈ, હું તો એમ કહેતો હતો કે વરસાદ કયારનો આવતો ન હતો આવતો જ ન હતો... અને હવે આ ચાર-છ દિવસથી વરસ્યા કરે છે તે જવાનું નામ જ નથી દેતો... સમજ્યા?"

> "અલ્યા ભાઈ, ઉદ્વેગ નહીં કરવાનો.. ગાંધીજીના ત્રણ વાંદરાનો નવો અવતાર ધારણ કરીને જીવી નાખવાનું..." રેડ અંકલ ઉવાચ

"હા... હા... અંકલ, તુમ સચ સાંગલા..." કુલકર્ણીજી બોલ્યા.

ત્યાં અમારૂં ધ્યાન કયારનાય ચૂપ બેઠેલા ભટ્ટભાઈ ઉપર ગયું. એ કંઈક ચિંતામાં હોય એવું એમનો ચહેરો ચાડી ખાતો હતો... એટલે અમે પૂછ્યું : ભટ્ટજી, શું વાત છે? કેમ શાંત છો? કિસ સોચ મેં ડૂબે હો તુમ, કિસ બાત કા હૈ ગમ?

"હં... ના, ના... એવું કંઈ નથી." ભટ્ટ ભાઈએ વાતને ટાળવા પ્રયત્ન કર્યો...

"એવું જ છે... અલ્યા, તારૂં મોં કહે છે કે તું કંઈક મૂંઝવણમાં છે. બોલ, તારો પ્રોબ્લેમ બોલ... આપણી પાસે બધા દર્દનો ઈલાજ છે!!" લાલાકાકાએ આદત મુજબ ફાકાં ફોજદારી કરી.

એટલે અકળાયેલા પંચાલે પાછું સૂરસૂરિયું કર્યુ : "ભટ્ટનો રામલો રજા ઉપર જતો રહ્યો છે... અંકલ, તમે બીજો રામલો એના ઘરે મોકલી આપશો કે પછી તમે પોતે જશો...?" સારૂં થયું કે રેડ અંકલનું ધ્યાન કયાંક બીજે હતું અને પંચાલ મોંમાં મસાલા સાથે બોલતો હોવાથી એની વાત કાકાને પુરી સંભળાઈ કે સમજાઈ નહીં... બાકી અમારી ચોકઠા પરિષદ એ બંને વચ્ચેના યુદ્ધનું મેદાન બની જાત એ નક્કી હતું...

અમે ભટ્ટજીને ફરી એના ઉદ્વેગનું કારણ પૂછ્યું. તો એમણે કહ્યું : "એવો અંગત કોઈ પ્રોબ્લેમ નથી પણ આ રોજ રોજ રાજકારણીઓ-નેતાઓની એકબીજા પર ચાલતી આક્ષેપબાજીઓ વિશે પેપરોમાં વાંચીને ને ન્યુઝ ચેનલોમાં જોઈને થાય છે કે પ્રજાનાં સેવકો હોવાનો દાવો કરનારા, લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ, જનતાના હિત માટે કામ કરનારા આ લોકો આવી આક્ષેપબાજીઓ અને અરૂચિકર ભાષામાં ટીકાબાજીઓ કરીને આપણી કંઈ સેવા કરી રહ્યાં છે?"

ભટ્ટભાઈનો સવાલ સાચો ને વેધક હતો પણ એનો ઉત્તર કયાં હતો?

અકળાયેલા ભટ્ટજીએ ઉકળાટ આગળ ચલાવ્યો :

"આ તે કેવું? પોતે કરે તે બધું પ્રજાહિતાર્થે, લોકકલ્યાણ માટે અને બીજા કરે તે ફક્ત ને ફક્ત ચૂંટણીલક્ષી - વૉટ મેળવવા માટે જ! આવું તે ચાલતું હશે?"

"ભટ્ટજી, તને પેલી કહેવત નથી ખબર કે તું કરે તે છિનાળું ને હું કરૂં તે લીલા!! અને ભઈ... આવું તો ચાલવાનું અને આપણે સહન કરવાનું, છેક દિલ્હીની ગાદી માટેની ચૂંટણી પતશે નહીં ત્યાં સુધી... માટે જીવ નહીં બાળવાનો, નેતાઓ પાટા બંધાવે તે બાંધવાના... ને ગાંધીજીના ત્રણ વાંદરાના નવા અવતાર જેવા બની રહેવાનું!! એટલે કે કશું જોવાનું નહીં, કશું સાંભળવાનું નહીં અને કશું બોલવાનું નહીં!!"

રેડ અંકલના આવા ધારદાર પ્રવચનથી અમારી બેઠકમાં સન્નાટો છવાઈ ગયો અને એમની વાતને સમર્થન આપતો હોય એમ પાછો મેઘો મંડાણો!!